# “સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે” - આ સૂત્ર કોણે આપ્યું?

1. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) ઉધોગકરણ (૨) ઉધોગિકરણ
(૩) ઉધોગીકરણ (૪) ઔદ્યોગિકરણ

2. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) ત્રૈમાસીક (૨) ત્રિમાસીક
(૩) ત્રૈમાસિક (૪) ત્રિમાસીક

3. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) ખાતમુહુર્ત (૨) ખાતમૂહૂર્ત
(૩) ખાતમૂર્હુત (૪) ખાતમુહૂર્ત

4. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) શ્વાસોશ્વાસ (૨) શ્વાશોશ્વાસ
(૩) શ્વોસોસ્વાસ (૪) શ્વાસોચ્છ્વાસ

5. **નીચે પૈકીના વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે?**
(૧) પૂર્ણાહૂતિ (૨) પુર્ણાહૂતિ (૩) પૂર્ણાહુતિ (૪) પૂર્ણાહુતી

6. **‘સત્સંગ’ ક્યો સમાસ છે?**
(૧) કર્મધારય (૨) બહુવ્રીહિ (૩) તત્પુરુષ (૪) ઉપપદ

7. **‘આજીવન’ ક્યો સમાસ છે?**
(૧) બહુવ્રીહિ (૨) કર્મધારય
(૩) અવ્યયીભાવ (૪) તત્પુરુષ

8. **‘નદીનાળું’ ક્યો સમાસ છે?**
(૧) દ્વંદ્વ (૨) તત્પુરુષ (૩) કર્મધારય (૪) વૈકલ્પિક દ્વન્દ્વ

9. **‘ઘરજમાઈ’ ક્યો સમાસ છે?**
(૧) મધ્યમપદલોપી (૨) બહુવ્રીહિ (૩) કર્મધારય (૪) ઉપપદ

10. **નીચે પૈકીનું ક્યું ઉપપદ સમાસનું ઉદાહરણ છે?**
(૧) નર્મદા (૨) અગ્રજ (૩) તટસ્થ (૪) બધા જ

11. **‘અચ્છેર’ ક્યો સમાસ છે?**
(૧) દ્વિગુ (૨) ઉપપદ (૩) અવ્યયીભાવ (૪) તત્પુરુષ

12. **નીચે પૈકીનું ક્યું કર્મધારય સમાસનું ઉદાહરણ છે?**
(૧) ઘનશ્યામ (૨) ત્રિભુવન (૩) અનંત (૪) મૃગજળ

13. **ગુજરાતી ભાષાને ‘ગુર્જર ભાષા’ અને ‘અપભ્રંશ ભાષા’ તરીકે ઓળખાવનાર સાહિત્યકાર ............ હતા.**
(૧) પ્રેમાનંદ (૨) નર્મદ (૩) ઉમાશંકર જોષી (૪) ભાલણ

14. **‘ગુજરાતી ભાષા’ એવો સૌપ્રથમ શબ્દ પ્રયોગ કરનાર સાહિત્યકારનું નામ જણાવો.**
(૧) નર્મદ (૨) પ્રેમાનંદ (૩) અખો (૪) હેમચંદ્રાચાર્ય

15. **‘આફ્રા’ અને ‘તીફ્રા’ તળપદા શબ્દો ............ બોલીના છે.**
(૧) સોરઠી (૨) ચરોતરી (૩) સુરતી (૪) કચ્છી

16. **કપ્તાન, મેજ, પિસ્તોલ વગેરે કઈ ભાષાના શબ્દો છે?**
(૧) અંગ્રેજી (૨) પોર્ટુગીઝ (૩) ફારસી (૪) અરબી

17. **નિમણૂક, વાટાઘાટ, નિદાન - આ શબ્દો ......... ભાષાના છે.**
(૧) બંગાળી (૨) તેલુગુ (૩) મરાઠી (૪) ગુજરાતી

18. **‘કાષ્ઠિક’ તત્સમ શબ્દ પરથી બનેલા તદ્ભવ શબ્દને શોધો.**
(૧) કષ્ટ આપનાર (૨) કઠિયારો
(૩) કાષ્ઠમાંથી બનેલું (૪) કઠોર

19. **ગિરા, કર્ણ, ઓઘ - આ શબ્દો માટે નીચેના પૈકીનો ક્યો વિકલ્પ પસંદ કરશો?**
(૧) તત્સમ શબ્દો (૨) તદ્ભવ શબ્દો
(૩) દેશ્ય શબ્દો (૪) પરપ્રાંતીય શબ્દો

20. **બંને બાજુ વગાડી શકાય તેવું વાદ્ય - શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**
(૧) બૃહિત (૨) મૃદંગ (૩) મૃણાલ (૪) ભૃગુ

21. **ક્યા સિક્કા ‘બોડિયા રાજા’ના સિક્કા કહેવાતા?**
(૧) રાણી વિક્ટોરિયાની છબીવાળા સિક્કા
(૨) એડવર્ડ સાતના સિક્કા
(૩) રાજા જ્યોર્જ પંચમના સિક્કા
(૪) આ પૈકી કોઈ નહીં

22. **“ભારતના દેશી રાજ્યોનો અંત બહુ ઓછા સમયમાં આવવાનો છે.” - આવું કોણે કહ્યું હતું?**
(૧) વોરન હેસ્ટિંગ્સ (૨) કોર્નવોલિસ
(૩) વેલેસ્લી (૪) ડેલહાઉસી

23. **ઇ.સ. ૧૭૬૪માં બંગાળના નવાબ મીર કાસિમ, અવધના નવાબ શુજા-ઉદ-દૌલા, મુઘલ બાદશાહ શાહઆલમ દ્વિતીય અને કાશીના રાજા બલવંતસિંહની સંયુક્ત સેના સામે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ક્યું યુદ્ધ લડ્યું હતું?**
(૧) પ્લાસીનું યુદ્ધ (૨) બક્સરનું યુદ્ધ
(૩) કર્ણાટકનું યુદ્ધ (૪) સિંધનું યુદ્ધ

24. **ભારતીય સનદી સેવામાં આવતા યુવા અધિકારીઓને તાલીમ આપવા માટે ઇ.સ. ૧૮૦૦માં કોલકતામાં ફોર્ટ વિલિયમ કોલેજ શરૂ કોણે કરાવી?**
(૧) ગવર્નર જનરલ વેલેસ્લી
(૨) ગવર્નર જનરલ કોર્નવોલિસ (૩) વિલિયમ બેન્ટિક
(૪) ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સ

25. **ભારતમાં પોલીસતંત્ર શરૂ કરવાનો ફાળો કોને જાય છે?**
(૧) ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સ
(૨) ગવર્નર જનરલ વેલેસ્લી
(૩) ગવર્નર જનરલ કોર્નવોલિસ (૪) વિલિયમ બેન્ટિક

26. **બ્રિટિશ હિંદમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઈ?**
(૧) ઈ.સ. ૧૭૭૧ (૨) ઈ.સ. ૧૭૭૨
(૩) ઈ.સ. ૧૭૭૩ (૪) ઈ.સ. ૧૭૭૪

27. **૧૮૫૭ના વિપ્લવનો પહેલો બનાવ ક્યાં બન્યો હતો?**
(૧) બરાકપુર (૨) મેરઠ (૩) કાનપુર (૪) બરેલી

28. **“૧૮૫૭ના વિપ્લવનો વ્યાપ અને તેનું સંગઠન જોતા તેને માત્ર સિપાઇઓનો બળવો કહી શકાય નહિ, પરંતુ તે વિદેશી સત્તા સામેનો લોકોનો પડકાર હતો.” - આ કોણે કહ્યું હતું?**
(૧) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (૨) સર સૈયદ અહમદ ખાન
(૩) કિશોરીચંદ્ર મિત્ર (૪) સર જ્હોન લૉરેન્સ

29. **ભારતની પહેલી કોટન મિલ ઇ.સ. ૧૮૧૮માં શરૂ થઈ હતી. ક્યાં?**
(૧) કોલકાતા (૨) મુંબઈ (૩) અમદાવાદ (૪) કાનપુર

**જનરલ નોલેજ ક્વીઝ કોર્નર**

30. **પ્રેસની સ્વતંત્રતાના મહાન હિમાયતી રાજા રામમોહનરાયે ફારસી ભાષામાં ક્યું સમાચારપત્ર શરૂ કર્યું હતું?**
(૧) સંવાદ કૌમુદી (૨) મિરાત-ઉલ-અખબાર
(૩) જામ-એ-જહાઁ-નુમા (૪) તહઝીબ-ઉલ-અખલાક

31. **રાજા રામમોહનરાયને રાજાની પદવી કોણે આપી હતી?**
(૧) બનારસના નવાબ (૨) મુઘલ બાદશાહ બહાદુરશાહ
(૩) કેશવચંદ્ર સેન (૪) દેવેન્દ્રનાથ ટાગોર

32. **સ્વામી દયાનંદ સરસ્વતીએ ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના ક્યા શહેરમાં કરી હતી?**
(૧) દિલ્હી (૨) મુંબઈ (૩) અમદાવાદ (૪) કોલકતા

33. **“જો કોઇ ભારતને સમજવા ઇચ્છે છે તો તેણે સ્વામી વિવેકાનંદને વાંચવા (સમજવા) જોઇએ.” - આ કોણે કહ્યું હતું?**
(૧) રવીન્દ્રનાથ ટાગોર (૨) સુભાષચંદ્ર બોઝ
(૩) મહાત્મા ગાંધીજી (૪) મહર્ષિ અરવિંદ

34. **“સ્વામી વિવેકાનંદમાં બુદ્ધનું હૃદય અને શંકરાચાર્યની બુદ્ધિ હતી તથા તેઓ આધુનિક ભારતના નિર્માતા હતા.” - આ વિધાન કોણે કર્યું હતું?**
(૧) સુભાષચંદ્ર બોઝ (૨) બી.સી. પાલ
(૩) મહર્ષિ અરવિંદ (૪) નારાયણ ગુરુ

35. **મહર્ષિ અરવિંદે હિંદના આત્માને જાગૃત કરવા ક્યું વર્તમાનપત્ર શરૂ કર્યું હતું?**
(૧) પ્રબુદ્ધ ભારત (૨) વંદે માતરમ્ (૩) કેસરી (૪) હિન્દુ

36. **મહર્ષિ અરવિંદના સહાયક શ્રીમાતાજીનું મૂળ નામ શું હતું?**
(૧) મીરા જેસ્મિન (૨) મીરા આલ્ફાન્સા
(૩) એની આલ્ફાન્સા (૪) જેસી આલ્ફાન્સા

37. **થિયોસોફિકલ સોસાયટીના સ્થાપક મેડમ બ્લેવેટ્સ્કી અને કર્નલ એચ. એસ. આલ્કોટને ભારત આવવા કોણે આમંત્રિત કર્યા હતાં?**
(૧) રાજા રામમોહનરાય (૨) સ્વામી વિવેકાનંદ
(૩) દયાનંદ સરસ્વતી (૪) મહર્ષિ અરવિંદ

38. **ભારતમાં ‘સ્કાઉટ’ અને ‘ગર્લ્સ ગાઇડ’ની પ્રવૃત્તિ કોણે શરૂ કરી હતી?**
(૧) મેડમ બ્લેવેટ્સ્કી (૨) શ્રીમતી એની બેસન્ટ
(૩) કુન્દુકુરિ વીરેસલિંગમ્ (૪) મેડમ કામા

39. **અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનને લગતા ગ્રંથોનો ઉર્દૂમાં અનુવાદ કરવા ‘ટ્રાન્સલેશન સોસાયટી ઓફ ઇન્ડિયા’ કોણે સ્થાપી હતી?**
(૧) સર સૈયદ અહમદ ખાન (૨) સૈયદ અહમદ બરેલવી
(૩) શરીઅતુલ્લા (૪) દાદાભાઈ નવરોજી

40. **ક્યા બ્રિટિશ હાકેમે સતીપ્રથાને ગેરકાયદેસર જાહેર કરી હતી?**
(૧) રૉબર્ટ ક્લાઇવ (૨) ડેલહાઉસી
(૩) વિલિયમ બેન્ટિક (૪) વાઇસરૉય કેનિંગ

41. **કોલકતામાં જેમ્સ ઑગસ્ટસ હિકીએ ‘બેંગાલ ગેઝેટ’ નામનું સર્વપ્રથમ સમાચારપત્ર ક્યારે શરૂ કર્યું?**
(૧) ઇ.સ. ૧૭૭૮ (૨) ઇ.સ. ૧૭૭૯
(૩) ઇ.સ. ૧૭૮૦ (૪) ઇ.સ. ૧૭૮૧

42. **‘ધી મરાઠા’ (અંગ્રેજી) અને ‘કેસરી’ (મરાઠી) જેવા અખબારો શરૂ કરનાર અને જહાલવાદના મુખ્ય પુરસ્કર્તા તરીકે કોણ જાણીતું હતું?**
(૧) લોકમાન્ય ટિળક (૨) ગોપાલકૃષ્ણ ગોખલે
(૩) વીર સાવરકર (૪) વિષ્ણુ ગણેશ પિંગલે

43. **ઇ.સ. ૧૯૦૯ના મોર્લે-મિન્ટો ધારાને “હિંદની વિકાસ પામતી લોકશાહી ભાવનાનું ખૂન કરનારા સુધારા” તરીકે કોણે વર્ણવ્યો હતો?**
(૧) ડૉ. રાસબિહારી ઘોષ (૨) બાળગંગાધર ટિળક
(૩) કનૈયાલાલ મુનશી (૪) લાલા લજપતરાય

44. **ઇ.સ. ૧૯૦૯માં અમદાવાદમાં વાઇસરોય મિન્ટો અને લેડી મિન્ટો પર બૉંબ ઝીંકનારામાં નીચે પૈકી કોણ નહોતું?**
(૧) મોહનલાલ કામેશ્વર પંડ્યા (૨) પૂંજાભાઈ વકીલ
(૩) વસંતરાવ વ્યાસ (૪) મગનલાલ વખતચંદ

45. **ઇ.સ. ૧૯૦૫માં લંડનમાં ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કોણે કરી હતી?**
(૧) શ્યામજી કૃષ્ણ વર્મા (૨) સરદારસિંહ રાણા
(૩) મેડમ ભિખાઇજી કામા (૪) બારીન્દ્ર ઘોષ

46. **સાયમન કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસના લાઠીમારથી કોનું અવસાન થયું હતું?**
(૧) બાળગંગાધર ટિળક (૨) ગોપાળકૃષ્ણ ગોખલે
(૩) લાલા લજપતરાય (૪) બિપિનચંદ્ર પાલ

47. **“સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે” - આ સૂત્ર કોણે આપ્યું?**
(૧) લાલા લજપતરાય (૨) બાળગંગાધર ટિળક
(૩) બિપિનચંદ્ર પાલ (૪) ગોપાળકૃષ્ણ ગોખલે

48. **નીચે પૈકીના કોણ મવાળવાદી નેતા હતાં?**
(૧) બિપિનચંદ્ર પાલ (૨) લાલા લજપતરાય
(૩) ગોપાળકૃષ્ણ ગોખલે (૪) બાળગંગાધર ટિળક

49. **ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં નીચે પૈકીના ક્યા સમયગાળાને ગાંધીયુગ કહેવાય છે?**
(૧) ઇ.સ. ૧૮૬૯ થી ઇ.સ. ૧૯૪૭
(૨) ઇ.સ. ૧૯૩૨ થી ઇ.સ. ૧૯૪૭
(૩) ઇ.સ. ૧૯૦૦ થી ઇ.સ. ૧૯૪૭
(૪) ઇ.સ. ૧૯૧૯ થી ઇ.સ. ૧૯૪૭

50. **ક્રિપ્સ દરખાસ્તોને ‘વિતિ ગયેલી તારીખનો (પોસ્ટડેટેડ) ચેક’ કોણે કહી હતી?**
(૧) સરદાર પટેલ (૨) ભગતસિંહ
(૩) ખાન અબ્દુલ ગફાર ખાન (૪) મહાત્મા ગાંધી

**જવાબો :**

**(૧) ૩ (૨) ૩ (૩) ૪ (૪) ૪ (૫) ૩ (૬) ૧ (૭) ૩ (૮) ૪ (૯) ૧ (૧૦) ૪ (૧૧) ૧ (૧૨) ૧ (૧૩) ૪ (૧૪) ૨ (૧૫) ૩ (૧૬) ૨ (૧૭) ૩ (૧૮) ૨ (૧૯) ૧ (૨૦) ૨ (૨૧) ૨ (૨૨) ૪ (૨૩) ૨ (૨૪) ૧ (૨૫) ૩ (૨૬) ૩ (૨૭) ૧ (૨૮) ૧ (૨૯) ૧ (૩૦) ૨ (૩૧) ૨ (૩૨) ૨ (૩૩) ૧ (૩૪) ૧ (૩૫) ૨ (૩૬) ૨ (૩૭) ૩ (૩૮) ૨ (૩૯) ૧ (૪૦) ૩ (૪૧) ૩ (૪૨) ૧ (૪૩) ૩ (૪૪) ૪ (૪૫) ૧ (૪૬) ૩ (૪૭) ૨ (૪૮) ૩ (૪૯) ૪ (૫૦) ૪**